ગુજરાતમિત્ર
શુક્રવાર ૩ જાન્યુઆરી, ૨૦૨૫

# એન્ટિક ફર્નિચરથી ઘરને આપ્યો છે આર્ટિસ્ટિક લુક, 100- 150 વર્ષ જૂની કલાત્મક વસ્તુઓનો છે ખજાનો

CREATIVE માઈન્ડ્સ



## બર્મા અને ચાઈનાના પોર્સીલીનના એન્ટિક વાસણોનો છે ખજાનો

વર્ષો પહેલાં બર્મા અને ચાઈનાથી આકર્ષક ડિઝાઈનના કલાત્મક પોર્સીલીનના વાસણો સુરતમાં આવતા. મારી પાસે આવા એન્ટિક વાસણોનો ખજાનો છે. જેડ સ્ટોન જે ખુબજ આકર્ષક સ્ટોન હોય છે તેના આર્ટિકલ્સ મારા ઘરની ખૂબસુરતીમાં ચાર ચાંદ લગાવે છે. મારા દાદાના સમયનું 150 વર્ષ જૂનું ખુબસુરત ડિઝાઈનનું ઝૂમ્મર ઘરે આવતા મહેમાનોને પહેલી નજરે જ ગમી જાય છે.

સુરતીઓ જેટલાં ખાવાના અને ફરવાના શોખીન છે એટલા જ તેઓ કલાના કદરદાન પણ છે. એક સમયે રાંદેર, શાહપોરમાં ઘણાં ઘરો એન્ટિક કલાત્મક ફર્નિચર, પોર્સીલીનના વાસણોથી સુશોભિત હતાં. જોકે, હવેના સુરતીઓમાં એન્ટિક આર્ટિકલ્સના કલેક્શનનો શોખ ઓછો થયો છે. પણ તમને જાણીને નવાઈ લાગશે કે રાંદેર તાડવાડી વિસ્તારમાં રહેતા ડૉ. નવીન પટેલનું ઘર એન્ટિક કલાત્મક વસ્તુઓથી ડેકોરેટ કરાયું છે. તેઓનો સંગ્રહ શોખ ગજબનો છે ફુરસદનો સમય હોય ત્યારે કલાકો સુધી પસ્તીવાળાની દુકાને બેસીને સુરત સહિત ઈન્ડિયાને લગતા ઐતિહાસિક પુસ્તક, ન્યૂઝ પેપર સહિતનો ખજાનો શોધતા હોય છે. અત્યારનું રવિવારી બજાર જે પહેલાં શનિવારી બજાર કહેવાતું ત્યાં લટાર મારવા નીકળી પડે અને એન્ટિક ખજાનો શોધી લાવે અને પોતાના ઘરને તો આવી કલાત્મક 100-200 વર્ષ જૂની વસ્તુઓથી આર્ટિસ્ટિક લુક આપે જ છે સાથે સાથે આપણાં શહેર આપણા દેશનો કલાત્મક વારસો સાચવવાનું ઉમદા કાર્ય કરે છે. એન્ટિક વસ્તુઓના કલેક્શનનો શોખ તેમને કઈ રીતે જાગ્યો, તેઓ ક્યાં ક્યાંથી એન્ટિક વસ્તુઓનો ખજાનો મેળવે છે તે આપણે જાણીએ....

## ફ્રેન્ચ, બ્રિટિશ, પોર્ટુગીઝ, ઇન્ડિયન આર્ટના એન્ટિક ફર્નિચરથી ઘરને સજાવ્યું છે






ડૉ. નવીનભાઈએ જણાવ્યું કે, મારું ઘર મેં એન્ટિક અને આંખોને આંજી દે તેવા કલાત્મક ડિઝાઈનના ફર્નિચરથી સજાવ્યું છે. બ્રિટિશ, ફ્રેન્ચ, પોર્ટુગીઝ અને ઈન્ડિયન આર્ટના 200-250 વર્ષ જુના આ ફર્નિચરમાં ડ્રેસિંગ ટેબલ, આર્ટિસ્ટિક કબાટ છે, જે મેં ઝાંપા બજાર, શાહપોર, રાંદેર અને શનિવારી બજારમાંથી મેળવ્યું છે. મેં તો આ ફર્નિચર કયા સમયના છે તેનું ગહન રિસર્ચ પણ કર્યું છે. મારા ઘરમાં સફેદ સિસમનું ખૂબ જ અટ્રેકટિવ મંદિર છે અને એક રોયલ બેડ છે જેમાં ગ્લાસમાં પેઈન્ટિંગ છે જે બેડને ભવ્ય લુક આપે છે.

## સુરતના કિલ્લાનાં જુદા જુદા સમયના નકશાઓમાં સુરતની જાહોજલાલી જોવા મળે છે



ડૉ. નવીન પટેલે જણાવ્યું કે, મેં સુરતના કિલ્લાનાં નકશાઓ પણ સંગ્રહીત કરી રાખ્યા છે. એક નકશામાં મુઘલ વર્ડ યુઝ થયા હોવાનું દેખાય છે.તો અન્ય એક નકશામાં બ્રિટિશ લેન્ગવેજ અને બીજા એક નકશામાં ફ્રેન્ચ લેંગ્વેજ નજરે પડે છે. તે સમયે પ્રિન્ટિંગ પ્રેસ નહીં હતાં એટલે પહેલાં કિલ્લાના પેઈન્ટિંગ બનાવાતા પછી તેને સોફ્ટ સ્ટોન કે વૂડ કે પછી મેટલ યુઝ કરીને રિવર્સ કારવિંગ કરાતું. અલગ અલગ સમયના કિલ્લાનાં નકશામાંથી તે વખતની સુરતની જાહોજલાલી કેવી હતી તેનો ખ્યાલ આવે છે.

## 150 વર્ષ જૂના ટાઈપ રાઈટરની ડિઝાઇન છે એટ્રેકટિવ, પાવર જનરેટ કરતો ટેલીફોન ધ્યાનાકર્ષક છે







ડૉ. નવીનભાઈ પાસે 150 વર્ષ આસપાસ જૂનું ટાઈપ રાઈટર, લગભગ 100 વર્ષ જૂનો રેડિયો તથા એન્ટિક ટેલિફોન ધ્યાનાકર્ષક છે. ટાઈપરાઈટરમાં એક જ કી છે અને તે વર્કિંગ કન્ડિશનમાં છે. યુનિક ડિઝાઈનના એન્ટિક ટેલીફોનમાં ડાયનેમો છે જેમાં પાવર જનરેટ થતો. ઈન્ટરકોમ ટાઈપના આ ટેલીફોનમાં ડાયનેમો વાત કરતી વેળા સતત ફેરવવો પડે જેથી પાવર જનરેટ થાય એના કારણે જ વાત કરવી શક્ય બને.ઘરની શોભા વધારતો એન્ટિક રેડિયો પણ હજી વર્કિંગ કન્ડિશનમાં છે. તેને સ્વિચ ઓન કરવું હોય ત્યારે એન્ટીના લગાવવું પડે.

## બાળપણમાં સ્ટેમ્પ અને કોઈન સંગ્રહ કરતો, એન્ટિક આર્ટિકલ્સથી ઘરમાં નાનકડું સંગ્રહ સ્થાન બનાવ્યું છે: ડો. નવીન પટેલ



ગાયનેકોલોજિસ્ટ ડૉ. નવીન પટેલે જણાવ્યું કે મારું બાળપણ પાટણમાં વીત્યું છે. ત્યાં મારા કાકાએ મને સ્ટેમ્પ અને કોઈનનું એમનું કલેક્શન આપ્યું હતું. જેમાં મને ઈન્ટરેસ્ટ પડતાં હું પણ સ્ટેમ્પ અને કોઈન ભેગા કરવા લાગ્યો. મારા આ સંગ્રહને સ્કૂલમાં ડિસ્પ્લે કર્યું હતું અને તેના માટે મારું સમ્માન કરવામાં આવ્યું હતું. મારા મિત્રોને મારી હોબી વિશે ખબર હોવાથી તેઓ પણ મને એન્ટિક વસ્તુઓ આપતા. હું સુરત આવ્યો અને મારો આ સંગ્રહનો શોખ વધારે તીવ્ર બન્યો. ઘણાં લોકોને આવી એન્ટિક વસ્તુઓની કદર નથી તેઓ ભંગારના વેપારીઓને આપી દે છે જે હું મેળવી લઉ છું. મારી વાઈફ ડૉ. પ્રીતિનું આર્ટિસ્ટિક નોલેજ સારું છે. તે મારા આ સંગ્રહનું જતન કરે છે તેની પ્રોપર રીતે ગોઠવણી કરે છે.

## ગાંધીજી રિલેટેડ 77 વર્ષ જૂનું જરદોશી વર્કનું કાપડનું પીસ અને ફ્રેન્ચ ભાષાનું ન્યૂઝ પેપર




The Coeur d'Alene Press
ASSASSIN'S BULLETS KILL GHANDI
Junior C-C Asks Dam be Built at Albeni

ડૉ.નવીનભાઈએ જણાવ્યું કે, મને શનિવારી બજારમાંથી મહાત્મા ગાંધીજી રિલેટેડ એક ખૂબ જ સુંદર જરદોશી વર્કનું કાપડનું પીસ મળ્યું હતું. જેની પર 33 કરોડના તારણહાર લખેલું છે. એના વિશે સર્ચ કરતાં મને ખ્યાલ આવ્યો કે 1947માં જ્યારે આપણો દેશ આઝાદ થયો ત્યારે ભારતની વસ્તી 33 કરોડની હતી. આ જે સુંદર મજાનું કાપડનું પીસ છે તે ગાંધીજીના સમ્માન માટે બનાવાયું હતું. 1948માં ગાંધીજીની ગોળી મારીને હત્યા કરાઈ હતી તે ન્યૂઝ ફ્રેન્ચ ભાષાના એક અખબારમાં છપાયા હતાં તે ન્યૂઝ પેપર એક પસ્તીવાળાને ત્યાંથી મેળવ્યું હતું.

મજ્જેની LIFE

એ 'કાઇપો' છે કહેવાનો દિવસ હવે નજીક આવી રહ્યો છે. તમે સમજી તો ગયા હશો કે વાત થઈ રહી છે ઉત્તરાયણની. મોટાભાગના સુરતીઓ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ પર અગાસીને જ ઘર બનાવી લેતાં હોય છે. અત્યારે પતંગ, દોરા માટે ડબગરવાડ અને રાંદેર તરફ પતંગ રસિયાઓની મીટ મંડાયેલી છે. તો બીજી તરફ પતંગ ઉડાવવા માટે ક્રેઝી બનેલા બાળકો અને યંગસ્ટર્સને આકર્ષવા બજારમાં પતંગ અને એસેસરીઝમાં ઘણું બધું આંખોને આંજી દે તેવું ઝગમગતું આવ્યું છે. છોકરીઓ તો મજા જ પડી જવાની છે તેઓ પરીની જેમ પાંખો (વીંગ્સ) લગાવી ધાબા પર પતંગિયાની જેમ આમથી તેમ ઉડાઉડ કરતી હોય તેવો અહેસાસ થશે. તો બીજા લોકોમાં પણ આ ગર્લ્સ આકર્ષણનું કેન્દ્ર બનશે. તો આ વખતની ઉત્તરાયણ કઈ રીતે ઝગારા મારતી રહેશે? કાઈટ ફેસ્ટિવલને લઈને એવું તો શું નવા ટ્રેન્ડ્સ આવ્યા છે...

# કાપડના પતંગોનું રહેશે અટ્રેકશન, લાઈટવાળી પાંખોથી ઉતરાયણ થશે ઝગમગતી



## લાઇટિંગવાળા ટીયારા અને હેયરબેન્ડ બનશે આકર્ષણનું કેન્દ્ર



આ વખતે પતંગ ઉડાવવાની મજા લેવા માંગતી યુવતીઓ માટે પહેલીવાર લાઈટિંગવાળા ટીયારા અને હેયરબેન્ડ આવ્યા છે. કાપડના કલરફુલ ફૂલો અને કલરફૂલ નાની નાની ઝબૂક ઝબૂક કરતી લાઈટિંગવાળા ટીયારા અને હેયરબેન્ડ સાંજે સૂર્યાસ્ત બાદ અંધારું વધવા લાગશે ત્યારે યુવતીઓના માથા પર ઝગમગ ઝગમગ કરતા દેખાશે ત્યારે તે લોકોમાં ઘણું આકર્ષણ ઊભું કરશે. બે-ત્રણ વર્ષની બાળકીઓથી માંડીને મોટી વયની યુવતીઓ માટે આવા 6થી 7 પ્રકારની અટ્રેકટિવ ડિઝાઈનમાં હેયરબેન્ડ અને ટિયારા પહેલી વાર બજારમાં આવ્યા છે.

## પરીની પાંખો જેવી રંગબેરંગી લાઇટવાળી વીંગ્સ ગર્લ્સમાં બની હોટ ફેવરિટ

આ વખતે તમને રાતના અગાસી પર કોઈની પીઠ પર રંગીન લાઈટ ઝગમગતી દેખાશે તો તમને પ્રશ્ન અચૂક થશે કે આ શું છે! તો તે પરીની પાંખો જેવી કલરફુલ લાઈટવાળી આકર્ષક ડિઝાઈનની વીંગ્સ આ વખતે પહેલી વાર બજારમાં આવી છે. તે ખાસ તો છોકરીઓને પસંદ આવી રહી છે. આ વીંગ્સમાં હવા ભરવી પડે પછી તેની પર લાઈટ લગાવાતી હોય છે. જોકે, આ રીતે વીંગ્સ તૈયાર કરવામાં થોડો વધારે સમય લાગે છે પણ તેને રાતમાં ચમકતી જોવની મજા જ આવી જાય છે.

## દિલ્હીથી આવેલા કાપડના 2થી અઢી ફૂટના કાપડના પતંગ માટે સુરતી યુવાઓ ક્રેઝી બન્યા



કાઈટ ફેસ્ટિવલમાં દેખાતા મોટી સાઈઝના આકર્ષક પતંગ ઉડાવવાની સુરતીઓની ખ્વાહિશ બજારમાં બે-અઢી ફૂટના કાપડના પતંગ આવતા પુરી થઈ છે. પતંગ વિક્રેતા સતીશભાઈએ જણાવ્યું કે, આવા પતંગ મોટાભાગે દિલ્હીથી આવી રહ્યાં છે અને તેને અફાળવામાં આવે તો પણ ફાટતા નથી. સારી રીતે ઉડતા આ પતંગની કમાન તૂટી જાય તો સાદા પતંગની કમાન લગાવી શકાય. તે બાર્બી, હલ્ક, આયર્નમેન વગેરે કાર્ટૂન કેરેટરમાં મળે છે. આ વખતે પહેલી વાર બે-અઢી ફૂટની પીપુડીનું અટ્રેકશન ઉમેરાયું છે.

## ગ્લાસ (કાંચ) વગરના લાઇટવાળા ચશ્માંની નાના બાળકોથી લઈને યંગસ્ટર્સમાં ડિમાન્ડ







આમ તો ઉત્તરાયણમાં બપોરે આંખોને સૂર્યના કિરણોથી બચાવવા ગોગલ્સ પહેરાય છે પણ આ ઉત્તરાયણમાં કલરફુલ લાઈટવાળા ચશ્માં જોવા મળશે જે રાત્રીના પહેરવા માટે છે. પલાસ્ટિકના બનેલા રેડ, બ્લ્યુ, યેલો વગેરે કલરના આવા કલરફુલ લાઈટના આવા ચશ્માની ડિમાન્ડ નાની છોકરીઓ-છોકરાઓ અને યંગસ્ટર્સમાં થવા લાગી છે. વળી, તેમાં ગ્લાસ(કાંચ) નથી હોતાં છતાં તેની અલગ જ પ્રકારની ડિઝાઈનને કારણે તે અટ્રેકટિવ લાગે છે. તેની લાઈટ ઝબુક ઝબુક કરતી હોવાથી તે પહેરીને અગાસીમાં જાવ તો બધાની નજર તમારી પર એક વખત તો અચૂક પડશે જ. આ વખતે 2 વર્ષના બાળકથી લઈને 60-65 વર્ષના વયસ્ક પતંગ રસિયાઓ માટે પણ રેડ, બ્લ્યુ વગેરે લાઈટથી ઝબકતા માસ્ક બજારમાં આવ્યા છે. તે હલ્ક, આર્યમેન, ડોરોમન, Ben lo, બાર્બી વગેરે કાર્ટૂન કેરેક્ટરમાં છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

*'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...*

## એ મારે પીવો હતો ને મને પાયો રે.. મધરો દારૂડો ખૂટી ગયો છે...




દારૂ સાથે મારો છે જન્મોજનમનો નાતો, બાટલી પીવાની સાથે મેં કાયમ ચિકન પણ ખાતો...મળી મને બેંગકોકની ફ્લાઈટ અને દારૂના નામથી જ થઈ ગયો મેં તો ટાઈટ...એર હોસ્ટેસે દારૂનું પૂછ્યું અને પેટભરીને દારૂ પીશ તેવું મનમાં કીધું...ગ્લાસ મારો સતત ભરેલો રહ્યો, મેં તો ઘૂંટડે ઘૂંટડે પીતો રહ્યો.... બે લાખનો દારૂ મેં તો પી ગયો, જાણે વિમાનમાં જ જિંદગી જી ગયો...ખૂટી ગયો વિમાનમાં દારૂ છતાં પણ મેં તો બાટલી ખાલી કરવાને ધારું...પી લીધો દારૂ મેં 15 લીટર થઈ ગયો અને થઈ ગયો મેં વિમાનમાં જ જાણે ગટર...સુરતીઓનો દારૂપ્રેમ એવો રહ્યો, આખો દેશ જોતો જ રહ્યો. ..